વર્ષ ૨૦૧૭-૧૮થી વર્ષ ૨૦૨૧-૨૨ સુધીના 'પૂજ્ય રવિશંકર મહારાજ' એવોર્ડ અને 'નાલંદા' એવોર્ડ માટે થનાર ખર્ચને મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૮/૫૭૪૦૨૦/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૭/૦૫/૨૦૨૨

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૧/૦૪/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ વિજાક/જન/એવોર્ડ/૨૦૨૨-૨૩/૭૭૮

<u>આમુખઃ-</u>

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પત્રથી વર્ષ ૨૦૧૭-૧૮થી વર્ષ ૨૦૨૧-૨૨ સુધીના 'નાલંદા' એવોર્ડના ૫ વિજેતા તથા 'પૂજ્ય રવિશંકર મહારાજ' એવોર્ડના ૫ વિજેતાઓને રૂ.૧.૦૦ લાખ લેખે કુલ રૂ.૧૦.૦૦ લાખનો ખર્ચ માંગણી ક્રમાંક ૯૨, મુખ્ય સદર ૨૨૨૫, પેટા મુખ્ય સદર 03, ગૌણ સદર ૮૦૦ અને પેટા સદર OBC-16 હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં ખર્ચ કરવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૭-૧૮થી વર્ષ ૨૦૨૧-૨૨ સુધીના 'નાલંદા' એવોર્ડના ૫ વિજેતા તથા 'પૂજ્ય રવિશંકર મહારાજ' એવોર્ડના ૫ વિજેતાઓને રૂ.૧.૦૦ લાખ લેખે કુલ રૂ.૧૦.૦૦ લાખનો ખર્ચ માંગણી ક્રમાંક ૯૨, મુખ્ય સદર ૨૨૨૫, પેટા મુખ્ય સદર 03, ગૌણ સદર ૮૦૦ અને પેટા સદર OBC-16 હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૧/૦૫/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૫) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) સેકશન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૯) સિલેકટ ફાઇલ